# સરસ્વતી વિદ્યાલયમાં માતૃભાષા દિનની ઉજવણી



મોડાસા, તા. ૨૨

વિશ્વ માતૃભાષા દિન નિમિત્તે શ્રી એચ.એલ. પટેલ સરસ્વતી વિદ્યાલય, મોડાસામાં સુંદર કાર્યક્રમનું આયોજન થયું. માતૃભાષા અભિયાન કેન્દ્ર અને સરસ્વતી વિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓ ઓમ શાહ, તન્વી કડિયા, વિદ્યા પટેલ, હેમલ પરમાર તથા દિશા ઝાલાએ કાવ્ય, ગઝલ, લઘુવાર્તા જેવા સાહિત્યસ્વરૂપો રજૂ કર્યા હતા. તજજ્ઞ વક્તા દિનેશભાઈ ઘરોએ માહિતીસભર વ્યાખ્યાન આપેલ હતું. માતૃભાષા અભિયાન કેન્દ્રના સંયોજક અને આચાર્ય ડો. જીગ્નેશભાઈ સુથારે માતૃભાષાની અનિવાર્યતા સમજાવી, માતૃભાષા અભિયાન કેન્દ્રના વિવિધ પ્રકલ્પોની માહિતી આપેલ હતી. કિરીટભાઈ જોશીએ સમગ્ર કાર્યક્રમનું ટૂંકા ગાળામાં ખુબ સુંદર આયોજન અને સંચાલન કરેલ હતું. આ સમગ્ર કાર્યક્રમ માટે મંડળના પ્રમુખ, ઉપપ્રમુખ તથા મંત્રીએ આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા.

# પાલનપુરમાં સમાજ કલ્યાણ નિરીક્ષક બે હજારની લાંચ લેતા એસીબીના હાથે ઝડપાયો

## મકાન સહાયના હકારાત્મક અભિપ્રાય માટે લાંચની માંગણી કરી હતી

પાલનપુર, તા. ૨૨

જીલ્લા મથક પાલનપુરમાં આવેલ અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીમાં ફરજ બજાવતા સમાજ કલ્યાણ નિરીક્ષક દાનભાઈ ચૌધરી ૨૦૦૦ રૂપિયા ની લાંચ લેતા એસીબી ના હાથે ઝડપાયા છે. ફરિયાદી પાસેથી આંબેડકર આવાસ યોજના અંતર્ગત મકાન સહાય મેળવવા માટે અરજી કરી હતી અને ફરિયાદી ને મકાન સહાય મળવાપાત્ર છે તેવા હકારાત્મક અભિપ્રાય આપવા માટે અરજદાર પાસે રૂપિયા ૨૦૦૦ ની લાંચ ની માંગણી કરી હતી. જો કે અરજદારે એસીબી નો સંપર્ક કરી આ વાતની જાણ કરી હતી. બાદમાં એસીબી અને ફરિયાદી સાથે મળી લાંચ ના છટકા આયોજન કર્યું હતું. પાલનપુર એસીબી પોલીસ ઈન્સ્પેક્ટર કે જે પટેલ ના માર્ગદર્શન હેઠળ લાંચ માટે છટકું ગોઠવતા ભાભર ની કનક ઝેરોક્ષ સામે આવેલી ચાની કીટલી પર ફરિયાદી પાસેથી ૨૦૦૦ રૂપિયા ના લાંચ લેતા સમાજ કલ્યાણ ના સરકારી બાબુ એસીબી ના હાથે રંગેહાથ ઝડપાઈ જતા લાંચિયા કર્મચારી સામે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

# અરવલ્લી જિલ્લામાં સર્વશિક્ષા અભિયાનના કર્મચારીઓએ પડતર માંગણીઓ મુદ્દે કલેક્ટરને આવેદનપત્ર



મોડાસા, તા. ૨૨

સર્વશિક્ષા અભિયાન અંતર્ગત કામ કરતા કર્મચારીઓએ આજે પડતર માંગણીઓના પ્રશ્ને અરવલ્લી અધિક કલેકટરને આવેદનપત્ર આપ્યુ હતુ. આવેદપત્રમાં સમાન કામ સમાન વેતન, જોબ સીક્યુરીટી અને સરકાર તરફથી મળવાપાત્ર તમામ લાભો તેમજ અન્ય શાખાના કર્મચારીઓને જેમ લાભ આપવાની માંગ કરવામાં આવી છે. આ ઉપરાંત આવેદનપત્રમાં અન્ય રાજય સર્વ શિક્ષા અભિયાન કર્મચારીઓનો પગાર કરતા ગુજરાત રાજયમાં પગાર ઓછો છે અને કેટલાક રાજ્યોમાં સર્વ શિક્ષા અભિયાન કર્મચારીઓને કાયમી નિમણુંક આપવામા આવેલ છે તે અંગેની પણ રજુઆત કરવામાં આવી હતી.

# પાટણ ખાતે ગ્રામીણ ક્ષેત્રની મહિલાઓને શિવણ તાલિમ અપાઈ

પાટણ, તા. ૨૨

પાટણ જિલ્લામાના ગ્રામીણ ક્ષેત્રની ૧૮થી ૪૫ વર્ષની વયની મહિલાઓને તેમની અભિરુચિ, યોગ્યતા તથા સ્થાનિક માંગ અનુસાર સ્વરોજગાર અપાવવા હેતુસર ૧૦ દિવસથી લઈને ૪૫ દિવસના અલગ અલગ તાલીમ કાર્યક્રમો તથા માર્ગદર્શન આપવામાં આવે છે. પ્રશિક્ષણ ઉપરાંત ઉમેદવારોને વિવિધ બેંકો દ્વારા ઉદ્યમીતા વિકાસ હેતુ લોન ઉપલબ્ધ કરાવવાની દિશામાં સંસ્થા દ્વાર પ્રયાસ કરવામાં આવે છે. ગ્રામીણ યુવતીઓને રોજગારી મળી રહે તે હેતુથી તેમજ નાના અને મધ્યમ વેપારીઓને કામગીરીમાં સરળતા રહે તે હેતુસર દેના આરસેટી, પાટણ દ્વારા રીલાયન્સ ફાઉન્ડેશનના સહયોગથી તા. ૨૨-૧-૨૦૧૯ થી તા. ૨૦-૨-૨૦૧૯ (એક મહિના)ની મહિલા શિવણ તાલીમનું પ્રયોજન કરવામાં આવેલ હતુ.




આ તાલીમ દરમ્યાન તાલિમાર્થીઓને શિવણ વિશે લગતા તમામ પહેલુંઓ વિષે વિસ્તૃત ઝીણવટપૂર્વકની તાલીમ આપવામાં આવી હતી. ઉપસ્થિત રહેલ મહાનુભાવોએ તાલીમાર્થીઓ સાથે સીધો સંવાદ કરી શિવણ ક્ષેત્રમાં રહેલી વિપુલ તકો વિશે સમજણ આપવામાં આવી હતી. આ સંસ્થામાં તમામ તાલીમ વિનામૂલ્યે તથા રહેવા જમવાની સગવડ સાથે તાલીમ આપવામાં આવે છે.

સમાપન સમારોહ પ્રસંગે રીલાયન્સ ફાઉન્ડેશનના ટીમ લીડર નિરપત સિંઘ, રીલાયન્સ ફાઉન્ડેશનના જિલ્લા પ્રોજેકટ મેનેજર વર્ષાબેન મહેતા, પાટણના જિલ્લા વિકાસ વ્યવસ્થાપક (નાબાર્ડ) રાકેશ વર્મા તથા નિયામક, દેના ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા પાટણના પ્રતિક શાહ ઉપસ્થિત રહ્યા હતા.

# ખેડબ્રહ્મા તાલુકામાં ડુપ્લીકેટ ઘી નો કારોબાર ફૂલ્યો ફાલ્યો

ખેડબ્રહ્મા, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મામાં ફુડ વિભાગની રહેમ નજર હેઠળ નકલી ઘી નો કારોબાર ધમધમે છે. આ અંગેની તપાસમાં વેપારીઓ કાબુમાં લાવ આખ કરે તે જરૂરી છે. આ હકીકતે તાલુકામાં અલગ-અલગ સ્થળોએ નકલી ઘીનો કાળો કારોબાર ચાલી રહ્યો છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી બનાવટી ઘીનું વેચાણ ચાલુ હોઈ ટર્નઓવર કરોડોમાં પહોંચી ગયું છે. જનઆરોગ્ય સામે ખતરો યથાવત છે. ખેડબ્રહ્મા તાલુકામાં સાચા ઘી સામે નકલી ઘીનું વેચાણ અનેક ગણું છે. ૨૦૦ રૂપિયાથી શરૂ થતું ઘી સ્થળ અને ઈસમો મુજબ અલગ અલગ ભાવે વેચાઈ રહ્યું છે. તાલુકામાં ફૂડ વિભાગે નમૂના લઈને તપાસ કરે તો તાલુકામાં નકલી ઘી નો કાળો કારોબાર ચાલી રહ્યો છે. ઘીના ડબ્બા ઉપર વિવિધ પ્રકારનાં લેબલો અને અંગ્રેજી ભાષામાં લખાણ સાથે ચિત્રો દર્શાવી ગ્રાહકોને ભ્રમિત કરવામાં આવી રહ્યા છે. ખેડબ્રહ્મા શહેરમાં ૮૦ ટકા પશુપાલકો દૂધ જે તે ડેરીમાં ભરાઈ રહ્યા છે. આથી દૂધ સંઘના પેકિંગ ઘી સામે ખાનગી વેપારીઓ વેચાણ કરી રહ્યા છે. જેમાં રૂપિયા ૨૦૦ થી ૫૦૦ સુધીના ભાવે વેચાણ કરી રહ્યા છે. તાલુકામાં દેશી અને ચોખ્ખું ઘી મળવું મુશ્કેલ છે અને જ્યાં મળે છે તેના ભાવ રૂપિયા ૭૦૦થી ૧૦૦૦ હોવાથી બનાવટી ઘીનું બજાર ઊંચકાઈ ગયું છે.

તાલુકામાં ઘી સહિતની ખાદ્ય ચીજવસ્તુઓને લઈ જન આરોગ્ય સામે શરૂઆતથી જ ગંભીર સ્થિતિ ચાલી રહી છે. આવી પરિસ્થિતિમાં સરકારી અને ખાનગી દવાખાનાઓમાં દર્દીઓનો ધસારો બારેમાસ બની ગયો છે. આ બાબતે તપાસ કરી ઘટતુ કરે તેવું પ્રજામાં ચર્ચાઈ રહ્યું છે.

# અરવલ્લી જિલ્લાની માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોનો જાન્યુઆરી મહિનાનો પગાર ન થતા હાલત કફોડી

મોડાસા, તા. ૨૨

ગુજરાત રાજય સરકાર વાઈબ્રન્ટ ગુજરાત ગતિશીલ ગુજરાતની જોરશોરથી કરતી જાહેરાત અને કરોડો રૂપિયાનો ધુમાડો કરી શો બાજી કરતી રાજ્ય સરકાર પાસે માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોના પગારની ગ્રાન્ટ સમયસર રિલીઝ કરતી નથી. અરવલ્લી જીલ્લામાં આવેલી ૨૦૦ જેટલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના ૧૫૦૦થી વધુ શિક્ષકોનો જાન્યુઆરી મહિનાનો પગાર ફેબ્રુઆરીના ૨૦ દિવસ વીતવા છતાં ગ્રાન્ટના અભાવે પગાર ન થતા હાલત કફોડી બની છે. ૧ મહિનાનો પગાર અટવાતા કારમી મોંઘવારીમાં ગુજરાન ચલાવવું ખુબજ અઘરું પડી રહ્યું છે. શિક્ષકો પગારના અભાવે મૂંઝવણમાં મુકાવવું પડ્યું છે. હાલ લગ્નસરાની સીઝનમાં પગાર અટવાતા ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે.

અરવલ્લી જીલ્લામાં ૨૦૦ જેટલી માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળામાં ફરજ બજાવતા ૧૫૦૦ શિક્ષકોના એક મહિનાનો પગાર અટવાતા શિક્ષકોમાં ખૂબ જ નારાજગી જોવા મળી રહી છે કારણ કે, પગાર મોડો થવાના કારણે શિક્ષકોએ લીધેલ બેંકલોન, સરકારી લોન કે શિક્ષકોએ તેમની ચાલતી શરાફી મંડળીમાંથી લીધેલ લોનના હપ્તા સમયમર્યાદામાં જમા ન થતા હોવાથી ઘણી બધી મુશ્કેલીઓ પડી રહી છે. સરકાર અને જવાબદાર તંત્રમાંથી પગાર ઝડપથી થાય તેવી માંગ પ્રબળ બની છે.

**અરવલ્લી જીલ્લા શિક્ષણાધિકારી ગાયત્રીબેન પટેલના જણાવ્યા અનુસાર**

જીલ્લાની માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોનો પગાર અંગે પુછાતા જણાવ્યું હતું કે ગ્રાન્ટના અભાવે પગાર થયો નથી. હાલ રાજ્ય સરકારમાંથી ગ્રાન્ટના ચેક આવી ગયા હોવાથી જમા કરાવી દેવામાં આવ્યા છે. આજ સાંજ સુધીમાં કે પછી કાલે તમામ શિક્ષકોના પગાર થઈ જશે.

# પાલનપુર રેલવે સ્ટેશનનું ઈસ્પેક્શન કરતા જનરલ મેનેજર

## જુના રેલવે પોલિસ સ્ટેશનની જગ્યાએ અંડર બ્રિજ બનશેઃ પાર્કિંગની જગ્યાએ બે લાઈનો નંખાશેઃ રૂ.૪.૫૦ કરોડના ખર્ચે વધુ એક રેલવે ફુટ બ્રિજ બનશે

પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજર એ.કે.ગુપ્તા આજે પાલનપુર રેલવે સ્ટેશન ખાતે સ્પેશિયલ ટ્રેન મારફતે આવી પહોંચ્યા હતા. જ્યાં તેઓએ વાર્ષિક ઈન્સપેક્શન કરી કેન્દ્રીય મંત્રીની આગેવાની તળે રેલવે સંબંધિત પ્રશ્નોની રજૂઆતો સાંભળી ઘટતું કરવાની ખાતરી આપી હતી.

પાલનપુર રેલ્વે સ્ટેશનનું વાર્ષિક ઈન્સપેક્શન કરવા પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર એ.કે.ગુપ્તા, ડી.આર.એમ.રિતેશકુમાર સહિત ૨૫ જણાનો સ્ટાફ સ્પેશ્યલ ટ્રેન મારફતે આવી પહોંચ્યો હતો. જેઓએ પાલનપુર રેલવે સ્ટેશન ખાતે થયેલા વિકાસના કામો સહિત મળતી સુવિધાઓનું જાત નિરીક્ષણ કર્યું હતું. તેમજ આગામી દિવસોમાં રેલવે સ્ટેશન ખાતે હાથ ધરાનાર વિકાસના કામોની સમીક્ષા કરી હતી.



આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી હરિભાઈ ચૌધરીની આગેવાનીમાં ડી.આર.યુ.સી. સી. મેમ્બર અંબાલાલ રંગવાણી અને સદભાવના ગ્રુપના ચેરમેન હરેશ ચૌધરી, શહેર ભાજપ પ્રમુખ મુન્નાલાલ ગુપ્તાએ પણ હાજર રહી પાલનપુર સહીત જિલ્લાના રેલવે અંગેના પ્રશ્નોની લેખિત રજુઆત કરી હતી. જોકે, જનરલ મેનેજરે પણ આ પ્રશ્નો અંગે સાનુકૂળ પ્રતિભાવ આપ્યો હતો.

# પાલનપુરમાં સોમનાથ જ્યોર્તિલિંગ ધામધૂમપૂર્વક રથયાત્રા યોજાઈ

પાલનપુર, તા. ૨૨

સોમનાથ મંદિર ટ્રસ્ટ દ્વારા પાલનપુર ખાતે દ્વિતીય દ્વાદશ જ્યોર્તિલિંગ રથયાત્રા યોજાઈ હતી. જે રથયાત્રા શહેરના જાહેર માર્ગો પરથી પસાર થઈ હતી. જ્યાં ઠેરઠેર વેપારીઓ સહિત હિન્દુ સંગઠનો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

પાલનપુર ખાતે દ્વિતીય દ્વાદશ જ્યોર્તિલિંગ રથયાત્રા નીકળી હતી. જેનું લોકો દ્વારા ફૂલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું. સેવાકીય સંસ્થાઓ તેમજ વેપારીઓ દ્વારા સરબત, ચા-પાણીની વ્યવસ્થા કરાઈ હતી. શોભાયાત્રામાં રામ સેવા સમિતિ, સોમનાથ ટ્રસ્ટ, વિશ્વહિન્દુ પરિષદ, શિવસેના, હિન્દુ સંગઠનો સેવાકીય સંસ્થાઓ રાજકીય આગેવાનો પણ હાજર રહ્યા હતા. પાલનપુર ની સેવાકીય સંસ્થાઓ ના આગેવાનો પણ જોડાયા હતા. રામજી મંદિરના મહંત શ્રી રાઘવ દાસજી એ પાલનપુર ની ધર્મ પ્રેમી જનતાનો આભાર વ્યક્ત કર્યો હતો. સોમનાથ ટ્રસ્ટ દ્વારા પણ પાલનપુરની ધર્મપ્રેમી જનતા તેમજ હિન્દુ સંગઠનોનો આભાર વ્યક્ત કરાયો હતો.



# જોડનાપુરા પાસે અજાણ્યા વાહનની ટક્કરે એક્ટિવા સવાર ઘાયલ

પાલનપુર ડીસા હાઈવે પર જોડનાપુરા પાટિયા પાસે અજાણ્યા વાહનની ટક્કરે એક્ટિવા સવાર આધેડને ઈજાઓ થતાં તેઓને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામા આવ્યા હતા.

પાલનપુર ડીસા હાઈવે પર જોડનાપુરા પાટીયા પાસે એક એક્ટિવા સવારને અકસ્માત નડ્યો હતો. પાટણના મેસર ખાતે રહેતા આધેડ આજે પાલનપુર ડીસા હાઈવે પર જોડનાપુરા પાટિયા પાસેથી પસાર થઈ રહ્યા હતા. તે સમયે એક અજાણ્યા વાહન ચાલકે ટકકર મારતા આધેડને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા.

## સોટી મારી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એકશન પ્લાન નિષ્ફળ નિવડ્યો હતો. જયારે સવારથી બપોર સુધી શિક્ષકોને કાબુમાં કરવા માટે પોલીસને પણ પગે પસીનો ઉતર્યો હતો. જયારે એક તબક્કે શિક્ષકો બેકાબુ બનતા હળવો લાઠીચાર્જ પણ કરવો પડ્યો હતો તો બીજી તરફ શિક્ષકોને શાંત પાડવા માટે તેમના પ્રમુખ અને મંત્રીને સ્વર્ણીમ પાર્ક ખાતે લાવ્યા હતા. ગાંધીનગર જિલ્લાના ૪૫૦૦ થી વધુ તેમજ રાજયના ૨.૨૫ લાખથી વધુ શિક્ષકો માસ સીએલ પર ઉતરી જતા શિક્ષણકાર્ય ઠપ થઈ ગયું હતું. એક તબક્કે શિક્ષકોના રોષને જોઈ સ્વર્ણીમ પાર્ક ખાતે વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણી, જીગ્નેશ મેવાણી સહિત અન્ય નેતાઓ પણ દોડી આવ્યા હતા. શિક્ષકો સાથે ત્રણ મુદ્દે સમાધાન થયા હોવાના અહેવાલ મળી રહ્યા છે. જયારે બાકીના પ્રશ્નો અંગે આગામી સમયમાં સરકાર દ્વારા નીમાયેલી કમિટીમાં નિર્ણય કરવામાં આવશે તેમ જાણવા મળ્યું છે. જયારે સરકારની કમિટી સાથે પ્રાથમિક શિક્ષક સંઘના આગેવાનોએ વાતચીત કર્યા બાદ સરકાર તરફથી હકારાત્મક વલણ દાખવતા બપોર બાદ શિક્ષકોએ પોતાની હડતાલ સમેટતા રાજય સરકાર અને પોલીસ તંત્રએ પણ રાહતનો શ્વાસ લીધો હતો.

## નુકસાન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવામાં આવી રહી છે. આમછતા કોઈ પરિણામ ન મળતા એસ ટી નિગમના કર્મચારીઓ ગુરુવારે માસ સી એલ પર ઉતરી ગયા હતા. જયારે એસ ટી ના કર્મચારીઓની આ લડતના લીધે બસોના પૈડા થંભી જતા સમગ્ર વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો. બસ સેવા બંધ થતા એક બાજુ ખાનગી વાહનચાલકોએ મુસાફરો પાસેથી બેવડુ ભાડુ વસુલી ઉઘાડી લુંટ ચલાવી હતી. સલામત સવારીના પૈડા થંભી જતા કર્મચારીઓ સહીતના અપડાઉનકર્તા તેમજ વિદ્યાર્થીઓ પણ ખાનગી વાહનોમાં જોખમી મુસાફરી કરવાની ફરજ પડી હતી. સતત બીજા દિવસે પણ એસ ટી બસો બંધ રહેતા આજે પણ નાગરિકોએ ભારે હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. રોજબરોજ અપડાઉન કરતા મુસાફરોએ ખાનગી વાહનમાં બેસવાની ફરજ પડી હતી. જયારે એસ ટી ની પોઈન્ટ બસ સેવા પણ બંધ રહેતા કર્મચારીઓ પણ પોતાની કાર તેમજ ખાનગી વાહનોમાં બેસીને ફરજ પર હાજર થયા હતા. એસ ટી નિગમના કર્મચારીઓની આ લડતનો શુક્રવાર સાંજ સુધી હલ ન આવતા મુસાફરો તેમજ અપડાઉન કરતા વિદ્યાર્થીઓ માટે મોટી મુંઝવણ ઉભી થઈ છે. જયારે એસ ટી નિગમને પણ મોટુ આર્થિક નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. એસ ટી બસો બંધ રહેતા ગાંધીનગર ડેપોને પણ આર્થિક નુકશાની થઈ છે. જયારે ગાંધીનગર જિલ્લાના માણસા , દહેગામ, કલોલ ડેપોમાં પણ બસો બંધ રહેતા મુસાફરોમાં રોષ પ્રવર્તયો છે. જેના લીધે તાલુકા કક્ષાએ પણ એસ ટી તંત્રને આવકમા મોટુ નુકશાન થયુ છે. છેલ્લા બે દિવસથી બસો બંધ રહેતા ગાંધીનગર ડેપોને અંદાજિત રૂ ૧૧ લાખનુ નુકશાન થયુ છે. જયારે જિલ્લાના ચારેય ડેપો સહીત કુલ ૪૦ લાખનુ નુકશાન એસ ટી નિગમને વેઠવાનો વારો આવ્યો છે. જયારે એસ ટી ના કર્મચારીઓની અચોક્કસ મુદતની હડતાલના લીધે સમગ્ર રાજયમાં બસ વ્યવહાર ઠપ્પ થઈ ગયો છે. નાગરિકો પણ બસ સેવા ન મળતા ભારે અવ્યવસ્થા ભોગવી રહ્યા છે.

## સન્માનિત

● અનુસંધાન પહેલાનું ચાલુ

વખતે મળ્યું છે જ્યારે અમે મહાત્મા ગાંધીની ૧૫૦મી જયંતિ મનાવી રહી છે. દક્ષિણ કોરિયા ૧૯૯૦થી આ સન્માનથી તમામનું સ્વાગત કરે છે. મોદીએ કહ્યું હતું કે, ભારતે છેલ્લા પાંચ વર્ષમાં કેટલું વિકાસ કામ કર્યું છે. આ એવોર્ડ ભારતના લોકોને સમર્પિત છે. દક્ષિણ કોરિયાના પ્રમુખે આજે પણ ભારતને સાથ આપવાની વાત કરી હતી. તેમણે કહ્યુ હતુકે દક્ષિણ કોરિયાના લીડર ભારતના દરેક પગલાની સાથે છે. શાંતિ પુરસ્કાર મેળવનાર મોદી દુનિયાના ૧૪માં નેતા છે. અત્રે નોંધનીય છે કે હાલમાં પુલવામાં ખાતે સીઆરપીએફના કાફલા પર ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યોહતો. જેમાં ૪૦ જવાન શહીદ થયાહતા. જેશે મોહમ્મદ દ્વારા આ હુમલો કરવામાં આવ્યો હતો. વિકાસના મામલે વાત કરતા તેમણે કહ્યુ હતુ કે દેશમાં ગરીબી નાબુદીની દિશામાં મોટા પગલા લેવામાં આવી રહ્યા છે. આતંકવાદીઓએ ૧૪મી ફેબ્રુઆરીના દિવસે એક મોટા હુમલાને અંજામ આપ્યો હતો. આ હુમલામાં સીઆરપીએફના ૪૦ જવાનો શહીદ થઈ ગયા હતા. તાજેતરના વર્ષોમાં સૌથી મોટા હુમલાને ત્રાસવાદીઓ દ્વારા અંજામ આપવામાં આવ્યા બાદ દેશભરમાં લોકોમાં પહેલાથી આક્રોશ છે. ૧૪મી ફેબ્રુઆરીના દિવસે ત્રાસવાદીઓ દ્વારા ગુપ્તરીતે બીછાવવામાં આવેલી જાળ હેઠળ આ ભીષણ હુમલાને અંજામ આપવામાં આવ્યો હતો જેમાં સીઆરપીએફના જવાનો ફસાયા હતા. ઉરીમાં સપ્ટેમ્બર ૨૦૧૬માં આતંકવાદી હુમલા બાદ સુરક્ષા દળો પર આને સૌથી મોટા હુમલા તરીકે ગણવામાં આવે છે. શ્રીનગર-જમ્મુ હાઈવે ઉપર સ્થિત અવન્તીપોરા વિસ્તારમાં આ હુમલો થયો હતો. આતંકવાદી સંગઠન જૈશે મોહમ્મદે હુમલાની જવાબદારી સ્વીકારી લીધી હતી. વિસ્ફોટક સાથે ભરેલી એક ગાડીને લઈને જૈશના ત્રાસવાદી આદિલે સીઆરપીએફ જવાનોના કાફલાની બસમાં અથડાવી હતી. હુમલા બાદ જવાનોએ પણ કાર્યવાહીના પ્રયાસ કર્યા હતા પરંતુ અંધાધૂંધ ગોળીબાર કરવામાં આવ્યો હતો. કાફલાની જે બસને ત્રાસવાદીઓએ ટાર્ગેટ બનાવી હતી તેમાં ૪૪ જવાનો હતા. જે કાફલા ઉપર હુમલો કરવામાં આવ્યો તે જમ્મુથી શ્રીનગર જઈ રહ્યો હતો તેમાં ૨૦૦૦ જવાનો હતા. જે કાફલા ઉપર હુમલો કરાયો તેમાં ૭૦ વાહનો હતા.

## સમેટાઈ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આંદોલન ચાલુ રાખશે. પોલીસ અત્યાચારનો ભોગ બનેલા શિક્ષકોએ જણાવ્યું હતું કે, અમારા સંઘના પ્રમુખ અને હોદ્દેદારો ફુટી ગયા છે અને અમારી જાણ બહાર કે અમને વિશ્વાસમાં લીધા વિના સરકાર સાથે કેવી રીતે સમાધાન કરી શકાય. અમને આ સમાધાન મંજૂર નથી. અમે રાજયના દૂર-દૂરના અને આંતરિયાળ વિસ્તારમાંથી એલાનના કારણે અહીં ગાંધીનગરમાં આવ્યા હતા અને હવે છેલ્લી ઘડીયે અમારી સાથે વિશ્વાસઘાત થયાની લાગણીથી અમે આઘાતા પામ્યા છીએ. પોતાની માંગણીઓને લઈ રાજ્યભરમાંથી આવેલા હજારો શિક્ષકોએ આજે ગાંધીનગરને જાણે બાનમાં લીધું હતું. ખાસ કરીને વિધાનસભા ગેટ પર શિક્ષકોએ હાય રે રૂપાણી હાય-હાયના નારા લગાવ્યા હતા. બપોર સુધી ચાલેલા આંદોલનનો બપોરે અંત આવ્યો હતો. એટલું જ નહી, વિધાનસભા સત્ર પૂર્ણ થાય પછી ફરીથી શિક્ષકોના મુદ્દે મળવાની સરકાર તરફથી હૈયાધારણ પણ ચુડાસમાએ આપી હતી. દરમિયાન મુખ્યમંત્રી રૂપાણીએ રાજ્યમાં એસ.ટી કર્મચારીઓ અને પ્રાથમિક શિક્ષકોના હાલ ચાલી રહેલા આંદોલન અને હડતાળ અંગે તેમના પ્રશ્નોની ચર્ચા વિચારણા અને નિરાકરણ માટે ૩ મંત્રીઓની કમિટીની રચના કરી છે.

## પકડાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

પરિષદ યોજીને આ અંગેની માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે, આતંકવાદીઓની ઓળખ કરી લેવામાં આવી છે જે પૈકી એક આતંકવાદી શાહનવાઝ અહેમદ તેલી કાશ્મીરના કુલગામનો નિવાસી છે. શાહનવાઝ જૈશનો સક્રિય સભ્ય છે. જ્યારે બીજો આતંકવાદી અકીબ અહેમદ મલિક પુલવામાનો નિવાસી છે. બંને પોતાને વિદ્યાર્થી તરીકે ગણાવીને રહેતા હતા. પોલીસ આ આતંકવાદીઓના પુલવામા હુમલા સાથે કોઈ સંબંધ છે કે કેમ તેને લઈને તપાસ કરી રહી છે. ડીજીપીએ કહ્યું હતું કે, શાહનવાઝને આતંકવાદી સંગઠન તરફથી ભરતી કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. આજ ઈરાદાથી તે અનેક વખત દેવબંધમાં આવ્યો તો. લાંબા સમયથી તેઓ પોલીસ ટીમની બાજ નજર હેઠળ હતા. બીજો આતંકવાદી અકીબ શાહનવાઝનો સાથી છે. પોલીસે કહ્યું છે કે, શાહનવાઝને ગ્રેનેડ માટેના નિષ્ણાત તરીકે ગણવામાં આવે છે. પોલીસે કહ્યું છે કે, બંને આતંકવાદીઓ કોઈપણ પ્રકારની કોલેજ અને સંસ્થામાં એડમિશન વગર રહેતા હતા. પોલીસને તેમની પાસેથી બે તમંચા અને ૩૦ કારતૂસ મળી આવ્યા છે. આ ઉપરાંત જેહાદી વાતચીત પણ મળી આવી છે. ફોટો અને વિડિયો પણ તેમની પાસેથી મળ્યા છે જેમાં તપાસ ચાલી રહી છે. પોલીસે કહ્યું છે કે, ગુરુવારે મોડી રાત્રે તેમની ધરપકડ કરવામાં આવી હતી. તેમને મોડેથી કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા બાદ પોલીસ કસ્ટડીમાં રિમાન્ડ પર લેવામાં આવ્યા હતા. પોલીસ તેમની પુછપરછથી કેટલાક ચોંકાવનારા ખુલાસા કરી શકે છે. આ આતંકવાદીઓએ હજુ સુધી કેટલા લોકોની ભરતી ત્રાસવાદી સંગઠનોમાં કરી છે. તેમના ફંડિંગ ક્યાથી થઈ રહ્યા છે તે અંગે માહિતી ળવવામાં આવશે. ડીજીપીએ કહ્યું છે કે, ઉત્તરપ્રદેશ પોલીસ આ સંબંધમાં જમ્મુ કાશ્મીર પોલીસના સંપર્કમાં છે. રાજ્યના નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મોર્યએ કહ્યું છે કે, ઉત્તરપ્રદેશ એટીએસે જૈશના બે શકમંદોને સહારનપુરથી પકડી લીધા છે.

## કરાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતં જ્યાં તેમનું લાલઝાઝમ બિછાવીને સ્વાગત કરવામાં આવ્યું હતું. દક્ષિણ કોરિયાના પ્રથમ મહિલા કિમ જંગને પણ મળ્યા હતા. વેપાર, મૂડીરોકાણ, સંરક્ષણ અને સુરક્ષા સહિત જદા જુદા ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહકારને વધારવા માટે બંને દેશોના નેતાઓ વચ્ચે રચનાત્મક મંત્રણા યોજાઈ હતી. ત્યારબાદ સાત સમજૂતિ ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. વિદેશ બાબતોના મંત્રાલયના પ્રવક્તા રવીશ કુમારે કહ્યું હતું કે, બંને નેતાઓની ઉપસ્થિતિમાં સાત સમજૂતિઓ ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. કોરિયન નેશનલ પોલીસ એજન્સી અને ગૃહ બાબતોના મંત્રાલય વચ્ચે એમઓયુ થયા છે જેના ભાગરુપે બંને દેશોની લો એન્ફોર્સમેન્ટ સંસ્થાઓ સહકાર કરશે. અન્ય સમજૂતિ વિવિધ વિષયો ઉપર રહેલી છે. ભારતમાં કોરિયન કંપનીઓ દ્વારા મૂડીરોકાણ માટે વ્યવસ્થા કરનાર કોરિયા પ્લસ ઓર્ગેનાઈઝેશનના ઓપરેશનને જારી રાખવા ઉપર પણ સમજૂતિ થઈ હતી. બંને દેશો સ્ટાર્ટઅપને પણ પ્રોત્સાહન આપનાર છે. વિચારો, ટેકનોલોજીની આપલે માટે ભારતમાં કોરિયા સ્ટાર્ટઅપ સેન્ટરની રચના કરવામાં આવશે. કોરિયન બ્રોડકાસ્ટિંગ સિસ્ટમ અને પ્રસાર ભારતી દક્ષિણ કોરિયામાં ડીડી ઈન્ડિયા ચેનલના પ્રસારણ ઉપર પણ સહમત થયા છે જ્યારે ભારતમાં કેબીએસનું પ્રસારણ કરવામાં આવશે. કોરિયન બ્રોડકાસ્ટ અહીં દર્શાવવામાં આવશે. માછીમારો અને અન્ય સંબંધિત ક્ષેત્રોમાં પણ સમજૂતિ થઈ છે. રોડ અને પરિવહનના માળખામાં સહકાર કરવા માટે પણ સમજૂતિ થઈ છે. ભારતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ પ્રોજેક્ટોમાં તેની મદદ લેવામાં આવશે. માર્ગ અને પરિવહનના ક્ષેત્રમાં ટેકનિકલ અને ઈન્સ્ટીટ્યુશનલ નોલેજ એક્સચેંજને લઈને પણ સમજૂતિ થઈ છે. મોદીએ આ પ્રસંગે ભારતની યાત્રા કરવા મૂનને આમંત્રણ આપ્યું હતું. ૨૦૧૫ બાદ મોદીની દક્ષિણ કોરિયાની આ બીજ યાત્રા છે.

## મેચ અંગે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભવિષ્યમાં સંબંધો નહીં રાખવાને લઈને પોતાની ચિંતા બોર્ડ આઈસીસીને પત્ર લખીને જાણ કરશે. ટીમ ઈન્ડિયાના પાકિસ્તાન સાથે રમવાને લઈને નિર્ણય માટે આજે સીઓએની બેઠક બોલાવવામાં આવી હતી. બેઠક બાદ સીઓએના પ્રમુખે કહ્યું હતું કે, આ મામલામાં નિર્ણય સરકારની સાથે વિચારણા કર્યા બાદ લેવામાં આવશે. હજુ ત્રણ મહિનાનો ગાળો રહેલો છે. રાયે કહ્યું હતું કે, હજુ નિર્ણય લેવામાં આવે તે બાબત યોગ્ય દેખાતી નથી. આઈસીસીને પાકિસ્તાન સાથે જોડાયેલી ચિંતાને લઈને વાકેફ કરવામાં આવશે. આતંકને સમર્થન આપનાર દેશોની સાથે ભવિષ્યમાં સંબંધ જાળવી રાખવામાં આવશે નહીં. બીસીસીઆઈના સીઓએની બેઠકમાં પુલવામા હુમલાના શહીદોના પરિવારને સહાયતા આપવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. વિનોદરાયે કહ્યું હતું કે, અમે નિર્ણય કરી ચુક્યા છે કે, આઈપીએલની ભવ્ય ઓપનિંગ સેરેમની યોજાશે નહીં. આનાથી જે પૈસા મળશે તેને પૈસા શહીદોના પરિવારને બીસીસીઆઈ તરફથી આપવામાં આવશે. પુલવામા હુમલા બાદ દેશભરમાં વર્લ્ડકપમાં પાકિસ્તાનનો બહિષ્કાર કરવાની માંગ થઈ રહી છે. અનેક પૂર્વ ખેલાડીઓ પણ આ અંગેની વાત કરી ચુક્યા છે જેમાં હરભજનસિંહ, સૌરવ ગાંગુલી, અઝહરુદ્દીનનો સમાવેશ થાય છે. બીસીસીઆઈએ સીધીરીતે નિર્ણય સરકાર ઉપર છોડી દીધો છે. વર્લ્ડકપમાં ટીમ ઈન્ડિયા પાકિસ્તાનની સામે ૧૬મી જૂનના દિવસે માન્ચેસ્ટરમાં મેચ રમશે. આ મેચ ઉપર હાલ શંકાના વાદળો ઘેરાયેલા છે. કારણ કે, પુલવામા હુમલા બાદ દેશના લોકો આ મેચ ન રમાય તેમ ઈચ્છે છે.